ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૧૧-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### સર્વગ્રાહી વિસ્તરણ

મંત્રીમંડળના વિસ્તરણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પાર્ટીના સર્વગ્રાહી સ્વરૂપનો અને પ્રાદેશિક પ્રતિનિધિત્વનો પૂરતો ખ્યાલ રાખ્યો છે, એની સાથે પોતાના હોમ સ્ટેટને પણ ન્યાય આપવાની કોશિશ કરી છે. મોદીને ગુજરાતના જ પ્રતિનિધિ ગણવા પડે, એથી મધ્ય ગુજરાતનું પ્રતિનિધિત્વ વડોદરાથી ચૂંટાયા હોઇ ખુદ વડાપ્રધાન કરે છે એ મુદ્દો ભૂલવા જેવો નથી. બાકી રહ્યાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત. ઉત્તર ગુજરાતમાંથી પણ મોદી જ પ્રતિનિધિત્વ કરતા લાગે, કારણ કે એમનું મૂળ વતન મહેસાણા જિલ્લો છે. પરંતુ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની ખેડૂત પ્રજાને સંતોષ મળે એ સારું એમણે હરિભાઇ ચૌધરી (બનાસકાંઠા) અને મોહનભાઇ કુંડારિયા (રાજકોટ)ને રાજયકક્ષાના મંત્રી બનાવી આંજણા અને કડવા પાટીદારોને રાજી કરવાનો પ્રયાસ કર્યો છે. દક્ષિણ ગુજરાતમાંથી ભરૂચના મનસુખ વસાવા પહેલાંથી જ મંત્રીમંડળમાં છે. તદુપરાંત રાજયસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં બે સાંસદ - અરૂણ જેટલી અને સ્મૃતિ ઇરાની મોદી મંત્રીમંડળમાં કેબિનેટ દરજ્જો ધરાવે છે. આ દૃષ્ટિએ જોતાં ગુજરાતને કયારેય ન મળ્યું હોય એટલું મજબૂત પ્રતિનિધિત્વ મોદીમંત્રીમંડળમાં મળ્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. મોદીએ વારાણસીની બેઠક જાળવી છે, એથી તેઓ અધિકૃત રીતે ઉત્તરપ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે. ગોવાના મુખ્યમંત્રી મનોહર પરિકરને સંરક્ષણ ખાતાના મંત્રી બનાવી એમણે એકી સાથે ગોવા અને ઉત્તરપ્રદેશને ઉપકૃત કર્યાં છે. પરિકર હવે ઉ.પ્ર.માંથી રાજયસભાના સાંસદ બની રહ્યા છે. મોદીએ એમના શુભચિંતકોને પણ સાચવી લીધાં છે. કોંગ્રેસમાંથી પક્ષપલટો કરીને આવેલા ચૌધરી વિરેન્દ્રસિંહને ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ જેવું સંરક્ષણ ખાતા પછીનું સૌથી વધુ બજેટ ધરાવતું ખાતું આપી ન્યાલ કરી દીધા છે. હરિયાણાની જાટ લોબીને સાચવવાનો આ પ્રયાસ છે. સુરેશ પ્રભુને શિવસેનાને રામ રામ કરી ભાજપને ખેસ ધારણ કર્યો છે. એમને રેલવે જેવું મહત્ત્વપૂર્ણ ખાતુ મહારાષ્ટ્રને રાજી કરવાનો પ્રયાસ કર્યો છે. જે.પી. નડ્ડાનું કયારેક રાજનાથસિંહના અનુગામી તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નામ બોલાતું હતું. તેમને આરોગ્ય - પરિવારકલ્યાણ ખાતું સોંપી હિમાચલ ઉપરાંત પંજાબી ભાષીઓને સંતોષવામાં આવ્યા છે. હર્ષવર્ધનને દિલ્હીના રાજકારણમાં પાછા ધકેલવા પડે એવી જરૂરિયાત ઊભી થઇ છે. જેટલીનું સંરક્ષણ ખાતું છિનવાયું છે પણ નાણાં-કોર્પોરેટ સાથે માહિતી અને પ્રસારણની જવાબદારી સોંપાઇ છે. સદાનંદ ગૌડાનું રેલવે ખાતું છિનવાયું છે અને ઓછા મહત્ત્વનું કાયદો અને ન્યાય ખાતું સોંપાયું છે. મોદીએ મંત્રીઓની કામગીરીનું જાત સર્વેક્ષણ કરીને નિર્ણયો કર્યા છે. એમણે એક મુસ્લિમ ચહેરા તરીકે મુખ્તાર અબ્બાસ નકવીને સમાવવા પડ્યા છે, તો બીજી તરફ કટ્ટર હિંદુત્વવાદી બિહારના ગિરિરાજસિંહને પણ લેવા પડ્યા છે. ડો. મહેશ શર્માને પ્રવાસન અને ઉડ્ડયન આપી ઉ.પ્ર.ને વધુ પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ થયો છે. રામકૃપાલ યાદવ કયારેક લાલુપ્રસાદના ચમચા હતા. પક્ષપલટો કરીને લાલુપુત્રીને હરાવવાનો એમને પણ સરપાવ અપાયો છે. યશવંતસિંહા જેવા સિનિયર અને બોલકા નેતાના પુત્ર જયંતને નાણાં ખાતાના રાજયમંત્રી બનાવાયા છે. ઓલિમ્પિક સ્ટાર રાજયવર્ધન રાઠોડને અને કલાકાર બાબુલ સુપ્રિયોને પ્રતિનિધિત્વ આપી એમણે રાજસ્થાન અને આસામ ઉપરાંત યુવાવર્ગને પ્રતિનિધિત્વ આપ્યું છે. સાધ્વી ઉમા ભારતી ઉપરાંત વધુ એક સાધ્વી નિરંજના પણ હવે મોદી મંત્રીમંડળમાં ભગવાં વસ્ત્રો પહેરી બિરાજશે. દક્ષિણમાં ભાજપનો કેસરિયો લહેરવનાર બાંડારુ દત્તાત્રેયને મંત્રીપદ મળી ગયું છે. હજી વધુ એક વિસ્તરણની શક્યતા અકબંધ છે. શિવસેના વિસ્તરણમાં સંપૂર્ણપણે બહાર રહેવા પામી છે અને મોદી એને જૂનાપુરાણા સાથી તરીકે સામેલ કરવા પણ માગતા હતા. પરંતુ કોકડું પ્રદેશ કક્ષાએ ગૂંચવાયેલું છે. મોદીએ અકાલી દળ જેવા સાથી પક્ષોને પણ બોધપાઠ આપવાનો પ્રયાસ કર્યો છે. અકાલીદળે હરિયાણામાં મોદીની ઇચ્છા વિરૂદ્ધ ઓમપ્રકાશ ચૌટાલના ઇંડિયન નેશનલ લોકદળ સાથે જોડાય કર્યું હતું, જેની નોંધ લેવાઇ હોય એવું લાગે છે. આગામી દિવસોમાં મહારાષ્ટ્રની ભાજપ સરકારના વિશ્વાસના મત વખતે શિવસેનાની નારાજગીનો ઉકેલ આણવાનો પ્રયાસ જરૂર થશે. હાલ પૂરતી તો મહારાષ્ટ્રની સ્થિતિ ભર્યા નારિયેળ જેવી છે. ગુજરાતને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું છે, એટલે આનંદીબેન પટેલ માટે આગળના દિવસો સુખશાંતિના હશે, એ નક્કી!

# શાળાઓ શરૂ છતાં વિદ્યાર્થી સેમે-૨ના પુસ્તકોથી વંચિત

## એસસી, એસટી તેમજ બક્ષીપંચના ધોરણ-૯, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીને મફત પાઠ્યપુસ્તકની યોજના અમલી

અમદાવાદ, તા.૧૦

આજથી રાજયની શાળાઓમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે જો કે શાળાઓમાં બીજા સેમેસ્ટરનો પ્રારંભ થયો હોવા છતાં પણ વિદ્યાર્થીઓએ હજી થોડાક દિવસ પુસ્તક વગર જ અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા એસસી, એસટી અને બક્ષીપંચના ધોરણ-૯, ૧૧ અને ૧૨ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તક આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે આ વિદ્યાર્થીઓને હવે બીજા સેમેસ્ટરના પાઠ્યપુસ્તકો આપવાના થાય ચે. જો કે હજી ૧૦ દિવસ પછી શાળામાં મફત પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. એટલું જ નહીં હાલમાં જે પુસ્તકો આપવામાં આવનાર છે તે પણ પુરતા નથી. એટલે કે બાકીના પુસ્તકો જ્યારે આવશે ત્યારે આપવામાં આવશે. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં એસટી, એસસી અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા મફતમાં પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે જેના માટે અગાઉ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા તમામ શાળાઓ પાસેથી તેમની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વિગતો મંગાવવામાં આવી હતી.

આ વિગતો આવ્યા બાદ હવે બીજા શૈક્ષણિક સત્ર માટે ધોરણ-૯, ૧૧ અને ૧૨ના સેમેસ્ટર-૨ના પુસ્તકો વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે. આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ હજુ ૧૯ નવેમ્બર બાદ શાળાઓમાં પુસ્તકોનું વિતરણ કરવામાં આવશે. આમ શાળાઓ શરૂ થયાના ૧૦ દિવસ બાદ પુસ્તકો વિદ્યાર્થીઓને આપવામાં આવશે. એમાં પણ જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે તે તમામ વિદ્યાર્થીઓ માટે પર્યાપ્ત નથી એટલે કે બાકીના વિદ્યાર્થીઓને જ્યારે પુસ્તકો આપશે ત્યારે આપવામાં આવશે અમુક વિષયો મહીનાઓ સુધી વિદ્યાર્થીઓએ પુસ્તકો વિનાજ અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે.



(તસવીર : કશ્યપ નીમાવત)

નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર જિલ્લા દ્વારા કલેક્ટરશ્રી રવિ શંકરની અધ્યક્ષતામાં એક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ સંસ્થાઓના પ્રમુખશ્રીઓ અને સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાથમિક શિક્ષકોમાં પીટીસી દાવેદારની ભરતી થઈ નથી

## ભરતી કરવામાં ન આવતા હજારો ઉમેદવાર બેકાર થયા છે : કેટલાક દાવેદારો દેવું કરીને પણ પીટીસી કરી ચુક્યા

અમદાવાદ, તા.૧૦

અગાઉના વર્ષોમાં પીટીસી પાસ કરેલ ઉમેદવારની જે કિંમત હતી તે હાલના તબક્કે ભાંગીને ભુક્કો થઈ છે અને માથે દેવું કરીને પણ પીટીસી કરેલ એવા હજારો ઉમેદવારો હાલન નવી ભરતી પ્રક્રિયાને લઈ બેરોજગાર બન્યા છે અને કોલેજો પણ મરણ પથારીએ છે જ્યારે મફ્ત શિક્ષણની માત્ર લ્હાણીથી કામ પૂર્ણ નથી થતું નક્કર કામગીરી પણ એટલી જ જરૂરી બાબત છે.

પ્રાથમિક શિક્ષણમાં મોટા પાયે સુધારા માટે જે કામગીરી છેલ્લા વર્ષોથી કરી રહ્યું છે અને જાણે કે ગતિશીલ ગુજરાતમાં બીજા રાજ્યો કરતાં કાંઈક નવીન કરીને સંતોષ માની રહ્યું છે પરંતુ આપ આ પાયાના શિક્ષણમાં જો ઉંડા ઉતરો તો કાંઈક વિપરીત જોવા મળશે અને દિવસને દિવસે પ્રાથમિક શિક્ષણ સરકારી શાળાનું આધારસ્થંભ વિનાની દિશા તરફ ગતિ કરી રહ્યું હોય તેવું જણાય છે. પ્રાથમિક શિક્ષણને બે વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. ધોરણ-૧ થી ૫ અને ધોરણ-૬ થી ૮ અને હવે ૯ થી ૧૦ને પણ પ્રાથમિક શિક્ષણમાં લેવાના મુડમાં શિક્ષણતંત્ર છે. અન્ય રાજ્યો કે જ્યાં સારામાં સારૂં શિક્ષણ અને ત્યાંથી વ્યવસ્થા અંગે કોઈપણ પ્રકારની શિક્ષણ વિભાગે અભ્યાસ કર્યો છે કે કેમ ? અન્ય રાજ્યોમાં ધોરણ-૧ થી ૧૦ પ્રાથમિક શાળામાં ચાલે છે કેમ ? ફક્તને ફક્ત મફ્ત શિક્ષણના બાના તળે લોક ચાહના જાળવી મુશ્કેલ છે. આતો ખાનગી શાળાઓને પ્રોત્સાહન આપવાનું પગલું તો નથી ને. ધોરણ-૧ થી ૭ પાયાનું શિક્ષણ ખુબ જ સારી પદ્ધતિ ચાલતું હતું અને ૮ થી ૧૦ હાઈસ્કુલ વિભાગમાં રાખીને પણ મફ્ત શિક્ષણ આપી શક્યા હોત. ૭ વર્ષ પહેલાના સમયમાં અસંખ્ય ફાઈનાન્સ દ્વારા પીટીસી કોલેજ કરી ગુજરાતના નાગરીકોએ પોતાના સંતાનોને ડોનેશન ભરી પીટીસી કરાવ્યું આવા લાખો ઉમેદવારો બેરોજગાર છે.

### હરિની દૃષ્ટિ...




ભાઈ, નવા લાગો છો... દંડની રકમનું કોષ્ટક જોવાની જરૂર નથી. સીટ બેલ્ટ, ડાર્ક ફિલ્મ અને ઓવર સ્પીડની ગણતરી કરીને જ રૂપિયા આપું છું... ગણી લો... દશ વર્ષથી ડ્રાઇવીંગ કરું છું...!!

## આર.સી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વન્ડર ઓફ વાઈલ્ડનેસનો લાભ લીધો

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને રોક ઝોન એડવેન્ચર અમદાવાદના સહયોગથી શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલનો એડવેન્ચર કેમ્પ માઉન્ટ આબુ ખાતે યોજાયો હતો. ચાર દિવસના કેમ્પમાં ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકોના શારીરિક અને માનસિક ઘડતરના ભાગ સ્વરુપે આયોજિત કેમ્પમાં અગવડ વચ્ચે પોતાની જાતનું ઘડતર કેવી રીતે કરવું તે શીખવવા માટે ડબલ રોપ ક્રોસીંગ, રેપલિંગ, રોક કલાઈમ્બિંગ, ઝીપ લાઈન, બે મોટા અને એક નાના ટ્રેકિંગ, કસરત, કેમ્પફાયર સાથે વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત કૌશલ્ય બહાર લાવવું, વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે માનસિક સંતુલન જાળવવા શીખવતા આ કેમ્પમાં આચાર્યશ્રી ચીનુભાઈ પટેલ સહિત અગિયાર શિક્ષક મિત્રોએ ભાગ લીધો હતો.

## ડૉ. અનિરૂદ્ધ શાહને ડૉ. આર.કે. ગાંધી એવોર્ડથી સન્માનિત કરાયા



ગાંધીનગર, તા. ૧૦

ઉટી, તામીલનાડુ ખાતે તાજેતરમાં ઈન્ડિયન એસોસિયેશન ઑફ પીડીઆટ્રીક સર્જનના ૪૦માં વાર્ષિક અધિવેશનમાં અમદાવાદના સિનિયર અને નામાંકિત બાળકોના સર્જન ડૉ. અનિરૂદ્ધ શાહને પ્રતિષ્ઠિત ડૉ. આર.કે. ગાંધી એવોર્ડ અને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો.

ભારતમાં અને ખાસ કરી ગુજરાતમાં બાળકોની સર્જરીના છેલ્લા ૪૦ વર્ષથી વિકાસ માટે આ સર્વોચ્ચ એવોર્ડ આપવામાં આવ્યો હતો. લેપ્રોસ્કોપી (કી હોલ) સર્જરીમાં તેમના વિશાળ અનુભવ અને વૈજ્ઞાનિક સંશોધનોને પણ બિરદાવામાં આવ્યા હતા. ડૉ. આર.કે. ગાંધી એવોર્ડ મેળવનાર ડૉ. અનિરૂદ્ધ શાહ ગુજરાતમાં સૌપ્રથમ છે. ડૉ. અનિરૂદ્ધ શાહે ૧૯૭૫ થી અમદાવાદની જાણીતી વાડીલાલ હોસ્પિટલમાં બાળસર્જરીના વિકાસ માટે તેમની જીંદગીના અમુલ્ય ૩૦ વર્ષ સેવાઓ આપી, બાળસર્જરી એક સ્પેશિયાલીટી વિભાગ તરીકે વિકસાવી અનેક નવજાત શીશુ અને બાળકોની જંદગી બચાવી છે.

લેપ્રોસ્કોપીક સર્જરીના તેમના બોહળા અનુભવનો લાભ ગુજરાત અને ભારત દેશ સીવાય બાંગ્લાદેશ અને નેપાળના બાળકોના સર્જનોએ પણ લીધો છે. ડૉ. અનિરૂદ્ધ શાહ હાલમાં ગુજરાત કોલેજ પાસે આવેલ અમરદીપ ચીલ્ડ્રન હોસ્પિટલ અને અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ આપી છે.

# ધીમા-ધીમા પગલે શિયાળાની શુભ-શરૂઆત થઈ ખરી! વહેલી પરોઢનું વાતાવરણ તો આમ પણ નયનરમ્ય અને આહ્લાદક હોય છે તેમાંય શિયાળાની ગુલાબી ઠંડી સાથે વહેલી પરોઢનું દશ્ય કંઈક અનેરું આકર્ષક જણાય છે!

## વિચારસભા
## શિયાળાની શુભ-શરૂઆત

*નેહલ જયદીપ ગઢવી*

નવરાત્રી, દિવાળી અને મહોરમના તહેવારોને સૌ-કોઇએ પોતપોતાની રીતે મનભરીને માણ્યા. તહેવારોની તાજગીએ આ નવા-વર્ષને નવી જ ચેતનાની ભેટ પણ ધરી. લોકો ફરી પોત-પોતાના રોજીંદા કાર્યોમાં વ્યસ્ત બની જતા જણાયા. ‘હુડહુડ’ અને ‘નીલોફર’ ને પણ વસરી જઇને સૌ-કોઇ પોતાના કામમાં પરોવાઇ ગયા. વાતાવરણમાં પણ થોડું પરિવર્તન જણાયું. ધીમા-ધીમા પગલે શિયાળાની શુભ-શરૂઆત થઇ ખરી! વહેલી પરોઢનું વાતાવરણ તો આમ પણ નયનરમ્ય અને આહ્લાદક હોય છે તેમાંય શિયાળાની ગુલાબી ઠંડી સાથે વહેલી પરોઢનું દૃશ્ય કંઇક અનેરું આકર્ષક જણાય છે!

“વહેલી સવારના ઉઘડતાં પોપચેથી
આછું-આછું અંધારું સરી પડે....”

આપણા દેશમાં શિયાળાની અસર અન્ય ઉપખંડના પ્રમાણમાં ઓછી હાનિકારક હોય છે! આપણે ત્યાં ‘શિયાળો’ એ સૌને ગમતી ઋતુ છે. વાતાવરણમાં એક અનોખી તાજગી જોવા મળે છે. તેમાં પણ શિયાળાની સવાર તો અત્યંત મોહક હોય છે! કવિશ્રી સુન્દરમ્ લખે છે તેમ,

“એક સવારે આવી
મુજને કોણ ગયું ઝબકાવી?
પરાગની પાવડીએ આવી
કોણ ગયું ઉર બેસી?
કિરણ તણી કોમળ અંગુલિએ
રમ્ય રચી રંગોળી....”

શિયાળાની આ મનમોહક ઋતુમાં લગ્નોની મોસમ પણ પૂરબહારમાં ખીલે છે. શાકભાજી અને ફળ-ફળાદી પણ લીલાછમ્મ અને તાજા દીસે છે. વર્ષાઋતુની વાદળીઓમાં થઇને શરદઋતુમાં પૂર્ણ ચંદ્રમા સ્વરૂપે ખીલી ઊઠતો શિયાળો વાતાવરણને જાણે પ્રફુલ્લિત કરી મૂકે છે. કવિશ્રી ત્રિભુવન વ્યાસ લખે છે તેમ,

“શીળો વાયુ વાવા લાગ્યો,
મધુર ગુલાબી ઠંડી ચમકી,
મધુર ગુલાબી ઠંડી ચમકી,
ઢોલ લગનસરાનો વાગ્યો;
ઝાંઝરની ઘૂઘરીઓ ધમકી;
સ્નેહીનાં ગૌરવ ગુંજાવતો -
શિયાળો આવ્યો સૂસવાતો...”

મનુષ્યોની દિવાળી બાદ જયારે દેવ-દિવાળી આવે ત્યારે આભમાં ચંદ્ર પૂર્ણકળાએ ખીલેલો અતિસુંદર શણગારથી આભને પણ નવયૌવન બક્ષે છે. આજના આ ફાસ્ટ યુગમાં આપણે સૌ ટી.વી. અને મોબાઇલના કેફમાં એવા ખોવાયા છીએ કે કુદરતના આ અપ્રતિમ સૌંદર્યને માણવાનું સાવ જ વીસારી બેઠા છીએ. એકવાર આવી જ રીતે આકાશ ભરીને ચાંદની વરસી રહી હતી. એક ગામમાં ઊંચા મકાનો, મિનારાઓ, ઝરૂખાઓ ચંદ્ર નીચે નહાતા હતા. ખળ ખળ વહેતા ઝરણાની જેમ ચાંદની સડકો પરથી વહી જતી હતી. નગરજનો ભર ઊંઘમાં હતા. એવામાં જ અચાનક ગામના દેવળમાંથી ઘંટનાદ થવા લાગ્યો. કોઇ આફ્ત ચડી આવે ત્યારે જ આ તોતિંગ ઘંટ વગાડવામાં આવતો. કયાંક આગ લાગી કે શું? - એવા ભયથી બેબાકળા બનીને લોકો દેવળ ભણી દોડી આવ્યા. જોયું તો સંત ફ્રાંસિસ જોરશોરથી ઘંટ વગાડી રહ્યા હતા. માણસો સાદ પાડી ઊઠ્યા : “શું થયું છે, પ્રભુ? ઘંટ શીદને વગાડો છો? સંતે ઉત્તર આપ્યો : “જરા આંખો તો ઊંચી કરો!” “જુઓ તો ખરા ચંદ્ર સામે! ચાંદની કેવી ખીલી છે!” તો આ જ રીતે આપણે પણ આપણી જાતને ઢંઢોળવાની જરૂર છે. કુદરતે રચેલી આ સુંદર સૃષ્ટિનું રસપાન કરવા માટે ક્ષણવાર માટે બધું જ ભૂલીને સુંદર મજાની ઋતુને મનભરીને માણીએ. કવયિત્રી જય મહેતા લખે છે તેમ,

“બારીના કાચ પર ઘડીભર જંપેલા
તેજભર્યા સૂરજને
હળવેથી ઊંચકી લઉં
ને
અગાશી ભરીને લેટેલા
હૂંફાળા તડકાની મેંદીને
ગુપચુપ ભરી લઉં
હથેળીમાં...”

કાર્તિક-માગશરથી પવન પલટાઇને ઉત્તર દક્ષિણ વહે છે, વિશુદ્ધીકરણની પાનખર ઋતુ મંડાય છે. નવરચનાને કારણે જીવન વાયરા પણ એવા જ સૂસવાતા ને સંહારક જોઇએ. કુદરતની કેવી અદ્ભૂત રચના છે વર્ષાઋતુમાં કહોવાઇ ગયેલા કે કરમાઇ ગયેલા પાંદડાને આ સૂસવાટા મારતા પવન ઉડાડી મૂકે છે અને ત્યારબાદ વસંતઋતુમાં તેના પર નવપલ્લવિત પર્ણકૂટી ઊગે છે. કવિશ્રી ઝવેરચંદ મેઘાણી પોતાની આગવી ભાતીગળ શૈલીમાં આ ઘટનાને વર્ણવે છે :

“ઓતરાદા વાયરા, ઊઠો ઊઠો હો તમે -
ધરતીના દેહ પર ચડિયેલા ચીર,ધૂળ, કૂંથો;
કોહેલાં પાંદ-ફૂલ ફેંકી નાખો રે; ભાઇ!
કરમાતી કળીઓને ચૂંટો;....”

આજના આ સમયમાં આપણે બધું ઓરીજનને બદલે આર્ટીફીસીયલ સ્વરૂપે બજારમાંથી વધુ સરળતાથી મેળવીને વાપરતા થઇ ગયા છીએ. પણ જે આનંદ અને સંતોષ કુદરતી અને અસલનો મળે તે કૃત્રિમ વસ્તુઓમાં કયાંથી મળે? ઇશ્વરે સૃષ્ટિનું સર્જન એટલું સુંદર કર્યું છે કે સમગ્ર જીવનનો સાર આપણે તેમાંથી જ પામી શકીએ! લીલાંછમ્મ પાનવાળી ભાજીમાં જે મીઠાશ અને સ્વાદ હોય તે સૂકવેલી ભાજીમાં શી રીતે મેળવી શકાય? કવિશ્રી અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ લખે છે કે,

“કયાં કશુંય મેં માંગ્યુ’તું તારી પાસે?
ને તોય ઊગતા સૂર્યે હંમેશા પૂછી છે મારી ખબર,
પવને ઝુલાવ્યા છે મારા આંગણાના ફૂલછોડ,
ને નદીઓનાં પાણીએ ભીંજવ્યો છે મને અંતસ્તલ સુધી”

ઇશ્વરે રચેલી આ સુંદર સૃષ્ટિનું સભાનપણે જતન કરીએ અને ઇશ્વરના ક્ષણે-ક્ષણે આભારી બનીએ તો જ આપણું માનવ-જીવન સાર્થક ગણાય. પ્રભાતના પહોરમાં વહેલા ઊઠી આ સુંદર મજાની સવારને માણવા માટે ઘરની ચાર દિવાલોની બહાર આવીએ અને સૂર્યનારાયણના દર્શન કરીએ. ઝાકળભીંની સવારની આ ભીની ભીની મોસમ આપણા જીવનને તરોતાજા બનાવી મૂકે છે. જરૂર છે માત્ર બાળસહજ કુતૂહલતાથી કુદરતના સાનિધ્યને મન ભરીને માણવાની અને ઇશ્વરના સાનિધ્યને અનુભવવાની! કવિશ્રી ઝીણાભાઇ દેસાઇની આ સુંદર પ્રાર્થનાથી દિવસની શુભ-શરૂઆત કરીએ :

“પરોઢિયે પંખી જાગીને
ગાતાં મીઠાં તારાં ગાન;
પરોઢિયે મંદિર-મસ્જિદમાં
ધરતાં લોકો તારું ધ્યાન.
તું ધરતામા, તું છે નભમાં,
સાગર મહી વસે છે તું;
ચાંદા-સૂરજમાંયે તું છે,
ફૂલ મહી હસે છે તું.”

તો આવો, સૌ સાથે મળીને શિયાળાને ઉષ્માપૂર્વક આવકારીએ!